હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમારા માટે અમારૂ દશ વર્ષ પહેલાનુ પ્લાનીંગ હતુ... વરસાદનું પાણી ભારાઇ જાય ત્યારે તમે બાકડા ઊપર ચડીને બેસીજઇ શકો

હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વ્યાખ્યાનનુ આયોજન.

સમગ્ર ભારતવર્ષમા જયારે આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી થઈ રહી છે , હર ઘર તિરંગા કાર્યક્રમનુ આહવાન કર્યુ છે જે અંતર્ગત ૨ ઑગસ્ટ થી ૧૫ ઑગસ્ટ સુધી ભારતના દરેક ઘર પર તિરંગો ફરકાવી દેશ પ્રેમની ભાવના ઊજાગર કરવા અપીલ કરી છે. તો આ બાબતને અનુલક્ષીને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના ઊપાસના ખંડમા "રાષ્ટ્ર ધ્વજના ઈતિહાસ અને વિભાવના" વિષય પર રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી શ્રી ડૉ. મોતીભાઈ દેવુંએ મનનીય અને વિદ્વત્તતાપૂર્ણ વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને રાષ્ટ્ર ધ્વજની ગરિમા અને અસ્મિતા વિશે વાર્તાલાપ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કાર્યક્રમ અધિકારી ડૉ. દિવ્યેશકુમાર ભટ્ટ દ્વારા થયુ હતું, જયારે પ્રા. બલદેવભાઈ મોરીએ આભાર દર્શન કર્યુ હતું.

ગાંધીનગર, તા. ૪

માણસા આનંદી માઁ ના વડલે માઁ પાલઈ વિઘ્નેશ્વરી ધામ ખાતે ગાંધીનગરના ભાવિક શિવભકતોએ યોગી ટ્રાન્સપોર્ટ ની બસ દ્વારા મુસાફરી કરીને પંચમુખી રૂદ્રાક્ષના વિરાટ શિવલિંગ ના સ્તંભેશ્વર મહાદેવના તેમજ પંચદેવો ના દર્શન અને અભિષેક નો લાભ લીધો હતો. આનંદી માઁ ના વડલાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંસ્થાના સેવાકીય કાર્યો ની માહિતી આપવામાં આવી હતી. દિનેશભાઈ વ્યાસે આ ધાર્મિક યાત્રા પ્રવાસ શરૂ કરવા બદલ ગાંધીનગર મહાનગર પાલિકા ના મેયર હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ તેમજ યોગી ટ્રાન્સપોર્ટ ના સંચાલકો નો આભાર માનીને બસોના ડ્રાઈવર અને કંડકટરોનું રક્ષાકવચથી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત યાત્રાળુઓ ભગવાન શિવના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ને શિવમય બનાવી દીધું હતું. વધુમાં ગાંધીનગર જિલ્લાના સૌ પ્રજાજનો ને દર સોમવારે સાંજના ૦૭-૩૦ કલાકે ભવ્યાતિભવ્ય અને દિવ્યાતિ દિવ્ય ભસ્મ આરતીના દર્શને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ગાંધીનગર, તા. ૪

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'આઝાદીકા અમૃત મહોત્સવ' દ્વારા 'હર ઘર તિરંગા' અંતર્ગત વિદ્યાર્થીનીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી સેક્ટર-૭ અને પથિકાશ્રમની આજુબાજુ લઈ જઈને જુદા જુદા નારા બોલાવીને જન જાગૃતિ ફેલાવી હતી અને પોતાના દરેક ઘર પર ધ્વજ ફરકાવવો એવી વિદ્યાર્થીનીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી તેમાં 'હર ઘર તિરંગા', 'તિરંગા હમારી શાન હૈ' 'વંદે માતરમ્' જેવા નારા બોલાવ્યા હતા. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીના નેજા હેઠળ ગોઠવાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરી વી.એસ.એસ. પોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ મિત્રો જોડાયા હતા અને સરસ રીતે રેલી કાઢીને જન જાગૃતિ ફેલાવી હતી.

અકસ્માતના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથકમાં અકસ્માતના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ખાત્રજ ચોકડી પાસે ચા ની કીટલી પરથી એલસીબી-૨ ની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સુચના આપવામાં આવી હતી.જે અન્વયે એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો તે દિશામાં સતત કાર્યરત હતા. તે સમયે એએસઆઈ જોગીન્દરસિંહ મેહરસિંહ અને દિલિપસિંહ બળદેવજીને સંયુકત રીતે બાતમી મળી હતી કે સાંતેજ પોલીસ મથકે નોંધાયેલા અકસ્માતના ગુનામાં નાસતો ફરતો આરોપી વિનય ઉર્ફે બંટી રાધેશ્યામ ગંગાપ્રસાદ શ્રીવાસ (રહે. મ.ન.૩૮૦ સુદેવ ફલોરા, એએમઆઈ સ્કુલ પાસે નારોલ) ને બાતમીને પગલે ખાત્રજ ચોકડી ખાતે ચા ની કીટલી ઉપર બેસેલ છે. જે બાતમીને પગલે ખાત્રજ ખાતે ચોકડી નજીક વોચ ગોઠવી કોર્ડન કરી ઝડપી પાડી વધુ તપાસઅર્થે સાંતેજ પોલીસ મથકે મોકલી આપવામાં આવેલ છે.

ગોડાઉનની છતનું પતરુ ખોલી અંદર પ્રવેશી ડ્રોવરમાંથી રૂ.૧૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૪

ઝુંડાલ ગામ નજીક આવેલા જોશી ફાર્મમાં સ્થિત ગોડાઉનની છતનું પતરુ ખોલી અંદર પ્રવેશી ઓફિસના ડ્રોવરમાંથી રૂ.૧૫ હજારની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ કલ્પતરુ પાર્ક સોસાયટી ડી-૧૧૨ ખાતે રહેતા પ્રવિણકુમાર રાજેશ્વર દયાલ ગર્ગ (ઉં.૫૦) પરિવાર સાથે રહે છે. જયારે પ્રવિણભાઈ ઝુંડાલ જોશી ફાર્મમાં આવેલ ગોડાઉન બનાવેલું છે તે ગોડાઉન ભાડે રાખી મિલ્ટન કંપનીની ઘરવખરીના સામાન રાખી વેપાર કરે છે. ગત તા.૧૬ જુલાઈના રોજ સાંજના આશરે સાડા સાત વાગે પ્રવિણભાઈ ગોડાઉન બંધ કરી ઘરે ગયા હતા. જયારે બીજા દિવસે સવારે રવિવારની રજા હોવાથી ગોડાઉન પર ગયા ન હતા. ગોડાઉનના સીસીટીવી કેમેરાનું લાઈવ પ્રવિણભાઈના મોબાઈલમાં આવતુ હોવાથી ગોડાઉનના કેમેરા ચેક કરતા કેમેરા બંધ જણાયા હતા. જેથી તેમને શંકા જતા ગોડાઉન પહોંચીને તપાસ કરતા કેમેરા સાથે છેડછાડ થઈ હતી. ગોડાઉનનું શટર ખોલી ચેક કરતા ઓફિસ લોક કરી ન હતી. તે ઓફિસના મારા ટેબલના બે અલગ અલગ ડ્રોવરમાં જોતા તેમાં રહેલા રૂ.૧૫ હજાર ન હતા. જેથી જોશી ફાર્માના સિક્યુરીટી ગાર્ડને બોલાવી ગોડાઉન ફરીથી ચેક કરતા છતની ઉપર પતરુ ખુલ્યું હોવાનું જણાવ્યું હતું. ગોડાઉનનુ પતરુ ખોલી અંદર આવી ચોર શખ્સે ઓફિસના ડ્રોવરમાં રહેલા રૂ.૧૫ હજારની ચોરી કરી ફરાર થઈ જતા શખ્સ સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

પેથાપુર ગામના રામજી મંદિરના ગેટ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામના રામજી મંદિરના ગેટ પાસેથી ગત તા. ૩૦ ના રોજ રાત્રીના સમયે સ્પ્લેન્ડર બાઈકની ચોરી થતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પાલેયા મહાકાળી મંદિર રહેતા ૫૬ વર્ષિય વિક્રમસિંહ અર્જુનસિંહ વાઘેલા સચિવાલય ખાતે શહેરી વિકાસ વિભાગ બ્લોક નં.૧૪ ખાતે ડ્રાઈવર તરીકે બજાવે છે. વિક્રમસિંહ પાસે બાઈક નં.જી.જે.૧૮.એમ.-૩૨૨૭ હતું. જેનો ઉપયોગ તેઓ નોકરી પર આવન જાવન માટે કરતા હતા.ગત તા.૩૦ ના રોજ વિક્રમસિંહ પેથાપુર ગામે રામજી મંદિર ખાતે દર્શનાર્થે ગયા હતા. રાત્રીના પોણા નવ વાગ્યાના અરસામાં બાઈક મંદિર નજીક મુકી તેઓ અંદર ગયા હતા. મંદિરનું સાઉન્ડ અને બીજનો અવસર હોવાથી મંદિરમાં કામકાજમાં રહ્યા હતા. જયારે રાત્રીના પોણા દશ વાગે મંદિર બહાર નીકળીને જોતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.આજદિન સુધી બાઈકની શોધખોળ કરવા છતા મળી ન આવતા બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે. પોલીસે રૂ.૧૨ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખોરજની શાળાનું તાળુ તોડી ભુગોળ-વિજ્ઞાનના ૧૦૦ નકશા સળગાવ્યા

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના ખોરજ ગામની વિનય વિદ્યા મંદિર હાઈસ્કુલમાં રૂમનુ તાળુ તોડી તેમાં રહેલા ભુગોળ-વિજ્ઞાનના ૧૦૦ જેટલા નકશા સળગાવી દેવામાં આવ્યા છે. શાળામાં રહેલા અભ્યાસને લગતા રૂ.૧૦ હજારના નકશા સળગાવતા આચાર્ય દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાણક્ય પુરી ખાતે રહેતા મહેન્દ્રભાઈ પ્રજાપતિ ખોરજ ખાતે આવેલ વિનય વિદ્યા મંદિર ખાતે છેલ્લા ૨૭ વર્ષથી ફરજ બજાવે છે.જયારે હાલ તેઓ ઈન્ચાર્જ આચાર્ય તરીકે કાર્યરત છે. જયારે શાળાના સમયે સવારના ૭.૩૦ થી ૧૨.૪૫ નો છે. જયારે મહેન્દ્રભાઈ પોતાના ઘરે હાજર હતા તે સમયે શાળા પટાવાળા તરીકે ફરજ બજાવતા પ્રદ્યુમનભાઈએ ફોન કરીને આચાર્યને જણાવ્યું કે ગઈકાલે સ્કુલ પુરી થઈ ગયા બાદ તમામ રૂમ બંધ કર્યા હતા.જયારે સવારે ૭.૪૫ વાગે શાળા ખોલવા માટે ગયા તો ધોરણ-૧૨ કલાસરૂમનુ લોક તુટેલુ હતું. રૂમમાં જઈ તપાસ કરતા ખુણામાં રહેલા નકશા મુકવાના સ્ટેન્ડ પર ૧૦૦ જેટલા ભુગોળ, સામાજીક વિજ્ઞાન સહિત વિજ્ઞાનને લગતા નકશા કોઈ અસામાજીક તત્વએ કોઈ કારણોસર સળગાવી દીધા હતા. જેથી આચાર્ય તાત્કાલીક શાળાએ પહોંચીને રૂમમાં તપાસ કરતા તમામ નકશા સળગી ગયા હતા. જેથી શાળાના આચાર્ય દ્વારા રૂ.૧૦ હજારના નકશા સળગાવનાર સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ફુડાસણ દેવર્ષિ સોસાયટીમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી તરખાટ મચાવી રહી છે. પહેલા ભીડભાડ વાળી જગ્યા પરથી જ વાહન ચોરીને અંજામ આપતા હતા. હવે ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. ઘર પાસે પાર્ક કરેલ બાઈક, એકટીવા સહિતના વાહનો રાત્રીના અંધકારમાં ગાયબ થઈ જાય છે. પાટનગરમાં વાહનચોરી યથાવત રહેવા પામી છે.ત્યારે કુડાસણ ખાતે આવેલી દેવર્શી કો.ઓ.સોસાયટીના ઘર પાસેથી એકટીવાની ઉઠાંતરી થઈ છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૧૦ હજારના એકટીવાની ચોરીની ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ ખાતે આવેલ દેવર્ષિ કો.ઓ.સોસાયટી ખાતે રહેતા મહેન્દ્રભાઈ ઈશ્વરદાસ પટેલ (ઉં.૬૨) સેકટર-૨૧ શોંપીગ સેન્ટરમાં નવદીપ કરીયાણાની દુકાન ધરાવે છે અને વેપાર કરે છે.જયારે એકટીવા નં. જી.જે.૧૮.એ.જે.-૯૮૨૪ નો ઉપયોગ મહેન્દ્રભાઈ આવન જાવન માટે કરતા હતા. મહેન્દ્રભાઈ ગત તા.૧ ઓગસ્ટના રોજ એકટીવા લઈ દુકાને ગયા હતા. તેઓ રાત્રે ૯ વાગે દુકાનેથી પરત ઘરે આવ્યા હતા.તે સમયે એકટીવા ઘરની આગળના ભાગે પાર્ક કર્યું હતું. ત્યારબાદ જમી પરવારીને રાત્રીના સાડા અગીયાર વાગે ઘરની બહાર નીકળયા હતા. તે સમયે તેઓએ ઘર પાસે મુકેલા એકટીવા પર નજર કરતા તે પાર્ક કરેલી જગ્યા પર ન હોવાથી તેઓએ આસપાસમાં તપાસ કરી હતી. પરંતુ આજદીન સુધી એકટીવા મળી ન આવતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે ૧૨ થી ૨ ના ગાળામાં નોંધાયેલા ભારે વરસાદમાં માત્ર ૧૨ થી ૧૫ મિનિટ જ વરસાદી રમઝટે સૌના જીવ ઊંચે કરી દીધા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ મનપાની કચેરી પાસે જ વરસાદી પાણીના નિકાલ યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ ગયા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે બપોરે ૧ વાગે મોંઘવારી વિરોધી ધરણા અને દેખાવો યોજવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૦૪૭ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.
- સે. ૧૩-બીના સિનીયર સિટીઝન્સ દ્વારા સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.
- શેઠ એન.એચ. ગર્લ્સ હાઈસ્કૂલ માણસા ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ઘેરી બની રહી છે, આજે સે. ૨૧માં શાકમાર્કેટ નજીક પશુઓને લઈ ટ્રાફિક જામ થયો હતો.
- દહેગામ તાલુકાની ઉદણ પ્રા. શાળાને ૧૨૭ વર્ષ પૂર્ણ થતાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- લિયો કલબ ઓફ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસને લઈ જરૂરિયાતમંદોને ૫૧ કિલો ખીચડીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- કલોલ પ્રા. શાળા નં. ૪ માં પુસ્તક વાંચનનો નોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૨૪૩ વિદ્યાર્થી ધો. ૩ થી ૮ના અને ૧૨ શિક્ષકો જોડાયા હતા.
- ગ્રામ વિકાસ યોજનાની પ્રધાનમંત્રી આવાસ યોજનાના કર્મચારીઓની હડતાલનો અંત આવ્યાનું જાણવા મળેલ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧ હજારથી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

વ્રત અને ઉપવાસની મોસમ શરૂ થતા શહેરમાં ઠેર ઠેર ફળોના ઢગલાં જોવા મળી રહ્યા છે. શ્રાવણ માસમાં કેળાઓ તો ઓલટાઈમ સૌના ફેવરીટ જ છે પરંતુ આ વર્ષે તો વિવિધ પ્રકારના સફરજનથી નજારો જાણે કે ઉભરાઈ રહ્યા છે. સફરજનનું ઉત્પાદન આ વર્ષે ખુબ વ્યાપક થયુ છે. હાલમાં ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાંથી સફરજનની ટ્રકો શહેરમાં રીતસર ઠલવાઈ રહી હોય તેમ જ્યાં જુઓ ત્યાં સફરજન જોવા મળે છે. ખાટા, મીઠા, લાલ, ગુલાબી જેવા વિવિધ પ્રકારના સફરજન ટ્રકો અને છકડામાં ભરીને વેપારીઓ તેને શહેરમાં વેચાણ અર્થે લઈ આવ્યા છે.

એસટી ડેપો મોબાઈલ ચોરી માટે હોટ ફેવરીટ

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાંથી હિંમતનગરની બસમાં બેસવાની ઉતાવળમાં ભુલથી દહેગામની બસમાં બેસવા જતા સમયે ચોર શખ્સે રૂ.૯૦ હજારની કિંમતનો એપલનો આઈફોન-૧૩ યુવતિના પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાંથી સેરવી લીધો હતો. મોબાઈલ ચોરી અંગે યુવતિએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. કેટલાક સમયથી મુસાફરોના મોબાઈલ અને ખીસ્સા હળવા થયા હોવાના કિસ્સા વધી રહ્યા છે. મુસાફરો લુંટાઈ રહ્યા હોવા છતા એસટી તંત્ર કેમ ધુતરાષ્ટ્રની ભુમીકા ભજવી રહ્યું છે તે સમજાતુ નથી. પોલીસ ચોકી ઉભી કરવાની વાત પણ વિસરાઈ ગઈ છે. પાટનગરના ડેપોમાં રોજ મુસાફરોના ખીસ્સા અને મોબાઈલ ચોરી થાય છે તો અન્ય શહેરના ડેપોની હાલત શું હશે તે કહેવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. પોલીસ તંત્ર અને એસટી ડેપો તંત્ર કાર્યવાહી કરવામાં કેમ ઉદાસીન વલણ દાખવી રહ્યા છે તે સમજાતુ નથી. ત્યારે પાટનગરના ડેપોમાંથી હિંમતનગરની યુવતિનો રૂ.૯૦ હજારનો ફોન ચોરી થયો છે. હિંમતનગર મહાવીર નગર ખાતે રહેતી વેદાંગી પટેલ અમદાવાદ રોયલ ટેકનોસોફ ઈન્સ્ટટયુટ ખાતે કોમ્પ્યુટર એન્જીનિયરીંગનો અભ્યાસ કરે છે. ગત તા.૨૯ જુલાઈના રોજ સરગાસણ ખાતે સેમીનાર પુર્ણ કરી સેકટર-૧૧ ડેપો ખાતે રીક્ષામાં બેસી આવી હતી. તે સમયે આઈફોન પેન્ટના ખીસ્સામાં મુક્યો હતો. ત્યારે સાજના સમયે હિંમતનગર જવાનું હોવાથી ઉતાવળમાં દહેગામની બસમાં યુવતિ બેસી ગઈ હતી. ત્યારે બસમાં બેઠા પછી મોબાઈલ ચોરી થઈ ગયાની જાણ થઈ હતી.

અમેરિકા ખાતે આયોજિત સ્પેશિયલ ઓલિમ્પિક્સ યુનિફાઈડ કપ માટે

ગાંધીનગર જિલ્લાના મહિલા કોચ પસંદગી પામ્યાં

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાનાં સ્પેશિયલ એજ્યુકેટર મેઘના પટેલ સ્પેશિયલ ઓલિમ્પિક્સ યુનિફાઈડ કપ માટે ભારતની ટીમમાં કોચ તરીકે પસંદગી પામ્યાં છે. તેમની સાથે આ ટીમમાં ગુજરાત માંથી યુનિફાઈડ પાર્ટનર તરીકે મિસ્કા ફર્નાન્ડીઝની પસંદગી થઈ છે. સ્પેશિયલ ઓલિમ્પિક્સ, ગાંધીનગર જિલ્લા ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર જિજ્ઞેશ રાવલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે બંનેની પસંદગી ગત માર્ચ માસ દરમિયાન ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય કોચિંગ કેમ્પમાં તેમના ઉમદા પ્રદર્શનને આધારે થઈ છે. બંને આગામી ૩૧મી જુલાઈથી ૬ ઓગષ્ટ દરમિયાન ડેટ્રોઈટ, અમેરિકા ખાતે આયોજિત સ્પેશિયલ ઓલિમ્પિક્સ યુનિફાઈડ કપ-૨૦૨૨માં ભાગ લેશે.ઉલ્લેખનીય છે કે માનસિક દિવ્યાંગ અને સામાન્ય એમ બંને પ્રકારના ખેલાડીઓ એક સાથે ભાગ લે તેવી આ વિશિષ્ટ સ્પર્ધા છે, જેમાં ૨૦થી વધુ દેશોના ૩૦૦થી વધુ ખેલાડીઓ એકત્ર થઈને દુનિયાની સૌથી લોકપ્રિય રમત ફૂટબોલમાં ભાગ લેશે. વિશ્વભરમાં આ સ્પર્ધાનું જીવંત પ્રસારણ વિવિધ માધ્યમો દ્વારા કરવામાં આવે છે. મેઘના પટેલ અને મિસ્કા ફર્નાન્ડીઝને આ પસંદગી બદલ સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારતના ચેરમેન મલિકા નડ્ડા, જનરલ સેક્રેટરી ડૉ. ડી જી ચૌધરી, પૌરીન પટેલ અને સમગ્ર શિક્ષા, ગાંધીનગર જિલ્લા આઈડી કોર્ડિનેટર પ્રતિમાબેન યાદવ દ્વારા બિરદાવી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ઘરેથી નીકળી ગયેલી દીકરીનું અભયમની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

ગાંધીનગર,તા.૦૪

- માતાપિતા વચ્ચે દરરોજ થતાં ઝઘડાથી કંટાળી ૧૦ વર્ષની દીકરી ઘરેથી નીકળી ગઈ હતી. જેનું અભયમની ટીમે કાઉન્સેલિંગ કરી વિગતો જાણવાનો કર્યો હતો જેમાં બાળકીએ પોતાના પરિવાર અંગેની જાણકારી આપતા અભયમની ટીમે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. સંતાનોની નજર સામે ઝઘડો કરતા માતા-પિતા માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. માતાપિતા વચ્ચે થતાં ઝઘડાથી કંટાળી ૧૦ વર્ષની દીકરી ઘર છોડવા મજબૂર બની છે. જેની મદદે મહિલા હેલ્પલાઇન આવતા દીકરીનું માતાપિતા સાથે મિલન થયું છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જણાવ્યું હતું કે સરગાસણ ચોકડી પાસે ૧૦ વર્ષની કિશોરી રોડ પર ઉભી રહેલી છે તેમજ ખૂબ ગભરાયેલી જણાઈ રહી છે અને કઈ જ પોતાના વિશે કંઈ જ જણાવતી નથી. ત્યારે અભયમ ટીમ સ્થળ પર દોડી આવી હતી. ટીમે કિશોરીનું કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારે જાણવા મળ્યું હતું કે તે મૂળ રાજસ્થાનની છે અને હાલ ગાંધીનગર રહે છે તેઓના માતાપિતા મજૂરી કરે છે. અભયમની ટીમે વધુ પૂછતાં તેણીએ જણાવ્યું હતું કે તેના માતા-પિતા વચ્ચે દરરોજ કોને કોઈ બાબતે ઝઘડા થાય છે. કિશોરી ઝઘડા નહિ કરવા સમજાવે છે તો પિતાએ કિશોરીને ઘરેથી નીકળી જવા જણાવ્યું હતું. જેથી સવારે તેમના માતાપિતા કામધંધે ગયા ત્યારે તણાવમાં આવેલી કિશોરીનું ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારે અભયમની ટીમે તેના માતાપિતાનો સંપર્ક કરી તેઓને ઠપકો આપ્યો હતો કે ઘરકંકાસથી બાળકોના મગજ ઉપર પણ અસર થાય છે. અભયમની ટીમે નજીકના પોલીસ સ્ટેશનને જઈ પોલીસની હાજરીમાં ડોક્યુમેન્ટ તપાસી કિશોરીને માતાપિતાને સોંપી હતી.

KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

Extract of Unaudited Financial Results for the Quarter Ended June 30, 2022

(₹ in Crores)

Particulars	Standalone			Consolidated		
	Quarter Ended		Year Ended	Quarter Ended		Year Ended
	June 30, 2022	June 30, 2021	March 31, 2022	June 30, 2022	June 30, 2021	March 31, 2022
Total Income from Operations	1,542	1,586	7,062	3,677	3,204	14,777
Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	139	116	505	139	127	511
Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items)	139	116	722	127	127	696
Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	113	76	515	88	78	535
Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	56	91	521	(13)	108	579
Equity Share Capital (Face Value of ₹ 2 each)	30	30	30	30	30	30
Other Equity (excluding Revaluation Reserve)			4,332			4,249
Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations)						
a) Basic	7.56	5.08	34.61	5.43	5.39	36.28
b) Diluted	7.56	5.08	34.61	5.43	5.39	36.28

Notes:

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 and Regulation 52 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, **www.nseindia.com**, **www.bseindia.com** and on the Company's website **www.kalpatarupower.com**.

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 04, 2022. The same have also been subjected to review by the Statutory Auditors.

3 The Board of directors of the Company in their meeting held on February 19, 2022 have approved a Scheme of amalgamation of JMC Projects (India) Limited with the Company. The appointed date under the Scheme is April 1, 2022 and will become effective upon receipt of requisite approval / orders from the competent authorities and Hon'ble NCLT.

4 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

Place : Mumbai
Date : August 04, 2022

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.